# નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી

જૂનાગઢ વન વિભાગ

સરદારબાગ, જૂનાગઢ - 362001

ફોન નં. 0285-2631182 / ફેક્સ નં. 0285-2635582

email : dcfjun@gmail.com; dcf-jcir-jun@gujarat.gov.in


150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક :- બ/જમન/ટે.14/ 5594-96 /2020-21 તા.15/10/2020

પ્રતિ,

નાયબ વન સંરક્ષકશ્રી,

સામાજીક વનીકરણ વિભાગ,

ગીર સોમનાથ, વેરાવળ.

વિષય :- Diversion of 5.72265 ha. Protected Forest Land for laying Under ground laying of optical fiber cables Junagadh, Mendarda,Maliya(Hatina) Taluka of Junagadh District of Reliance Jio infocome limited Ahmedabad. (FP/GJ/Others/23310/2016)

સંદર્ભ :- (1) આપના પત્રાંકઃ- બ/જમન/ટે.7/4940-43/2020-21 તા. 7/10/2020.

(2) અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, જમીન, ગુ.રા. ગાંધીનગરની કચેરીના પત્રાંકઃ- જમન/29-સી/બ/2464-2533/2019-20 તા. 27/08/2019.

(3) મુખ્ય વન સંરક્ષકશ્રી, જુનાગઢ વન વર્તુળ, જુનાગઢની કચેરીના પત્રાંકઃ- બ/જમન/ટે.12/5170-74/2019-20 તા. 29/08/2019.

(4) અત્રેના પત્રાંકઃ- જમન/ટે.14/બ/5196/2019-20 તા. 9/09/2019.

(5) અત્રેના પત્રાંકઃ- જમન/ટે.14/બ/5987/2019-20 તા. 3/10/2019.

(6) અત્રેના પત્રાંકઃ- જમન/ટે.14/બ/7642/2019-20 તા. 19/11/2019.

(7) અત્રેના પત્રાંકઃ- જમન/ટે.14/અ/5661-62/2019-20 તા. 12/02/2020.

(8) અત્રેના પત્રાંકઃ- જમન/ટે.14/અ/1635/2020-21 તા. 8/07/2020.

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ પત્ર-૧થી ઉકત વિષયની દરખાસ્ત અત્રે મોકલીને દરખાસ્ત અન્વયે યુઝર એજન્સીનો સંપર્ક કરી સદરહુ દરખાસ્તની આગળની કાર્યવાહી કરવા માટે જણાવેલ છે.

સદરહુ બાબતે જણાવવાનું કે, જે-તે સમયે ઉકત દરખાસ્ત વાળો વિસ્તાર અત્રેના કાર્યક્ષેત્ર હેઠળ આવતો હોવાથી ઉકત વિષયની દરખાસ્તને C/FCA/T-14/C/55-59/2017-18 Dated:-27/04/2017 થી શરતોને આધિન રહીને સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે. ત્યાર બાદ વન વિભાગની કચેરીઓનું તા. 1/10/2017 થી પુનઃરચના થતાં અત્રેના કાર્યક્ષેત્ર હેઠળ આવતા વિસ્તારને લગત ફાઇલો આપના દ્વારા અત્રે મોકલવામાં આવેલ છે. તથા આપને લગત વિસ્તાર વાળી ફાઇલો અત્રેથી આપને મોકલવામાં આવેલ હતી. તેમાં સદરહુ દરખાસ્ત વાળો વિસ્તાર આપના કાર્યક્ષેત્ર હેઠળ આવતો હોવાથી સદરહુ ફાઇલ આપને મોકલવામાં આવેલ હતી. જે અન્વયે દરખાસ્તની આગળની કાર્યવાહી આપની કક્ષાએથી કરવાની રહે છે. તે મુજબ આપના દ્વારા

સદરહુ દરખાસ્તમાં બાકી રહેતી પ્રોસેસીંગ ફી ના તફાવતની રકમ રૂ. 11334/- યુઝર એજન્સી પાસેથી ભરપાઇ કરાવી હતી. ત્યારબાદ સદરહુ દરખાસ્તમાં શરતોને આધિન સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ હતી તેમાં આપના સંદર્ભના પત્રમાં જણાવેલ પત્રોથી યુઝર એજન્સી પાસે પુર્તતા અહેવાલ મંગાવેલ છે. ત્યારબાદ લગભગ ૩ વર્ષના સમયગાળા દરમ્યાન આપની કક્ષાએથી સદરહુ દરખાસ્ત અન્વયેની આગળની કોઇ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ નથી.

જે-તે સમયે સદરહુ દરખાસ્તનો વિસ્તાર અત્રેના કાર્યક્ષેત્ર હેઠળ આવતો હોવાથી યુઝર એજન્સી દ્વારા ઇ-પોર્ટલ ઉપર દરખાસ્ત ઓનલાઇન કરતી વખતે લગત ડીવીઝન સીલેકટ કરવામાં આવેલ છે. પરંતુ અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, જમીન, ગુ.રા. ગાંધીનગરની કચેરીના સંદર્ભ પત્ર-2થી મળેલ સુચના મુજબ હાલ સદરહુ દરખાસ્ત વાળો વિસ્તાર આપના કાર્યક્ષેત્ર હેઠળ આવતો હોવાથી અત્રેથી યુઝર એજન્સીને કવેરી પુર્તતા માટે લગત ડીવીઝન સીલેકટ કરવા માટે જણાવેલ છે. પરંતુ યુઝર એજન્સી દ્વારા વારંવાર અત્રેનું ડીવીઝન સીલેકટ કરી દરખાસ્તને અત્રેના ઓનલાઇન પોર્ટલ પર અપલોડ કરવામાં આવે છે. તેમજ અત્રેના સંદર્ભ પત્ર-4 થી 7 દ્વારા પણ આપને સદરહુ દરખાસ્ત બાબતે યુઝર એજન્સીને યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડવા પણ જણાવેલ હતુ જેથી સદરહુ દરખાસ્તની આગળની કાર્યવાહી સમય મર્યાદામાં પુર્ણ થઇ શકે અને ઉપલી સત્તાએ સમયમર્યાદામાં સાદર થઇ શકે પરંતુ આપના દ્વારા સદરહુ દરખાસ્ત અત્રે મોકલીને આગળની કાર્યવાહી કરવા માટે જણાવેલ છે. જે અત્રેની કચેરીના કાર્યક્ષેત્રમાં ન હોવાના કારણે અત્રેથી સદરહુ દરખાસ્ત બાબતેની કાર્યવાહી થઇ શકે નહી. તેમ છતા અત્રેથી યુઝર એજન્સીનો ટેલીફોનીક સંપર્ક કરી સદરહુ બાબતે યોગ્ય માર્ગદર્શન આપી દરખાસ્તમાં ઓનલાઇન સુધારો કરવા માટે જણાવેલ છે. જે અન્વયે અત્રેના પરિવેશ પોર્ટલ પર દર્શાવતી FP/GJ/OTHERS/24253/2017 હે. 1.72396 વાળી દરખાસ્તમાં યુઝર એજન્સી દ્વારા સીલેકટ કરેકટ ડીવીઝન બાબતની કવેરી પુર્તતા કરવામાં આવેલ છે. યુઝર એજન્સી રીલાયન્સ જીઓ દ્વારા દરખાસ્તમાં ઓનલાઇન જરૂરી સુધારો કરવામાં આવતા સદરહુ દરખાસ્ત અત્રેના ઇ-પોર્ટલ પર બતાવવતી નથી. તે મુજબનો હે. 5.72265 વાળી દરખાસ્તમાં પણ ઓનલાઇન જરૂરી સુધારો કરવા માટે યુઝર એજન્સીને આપની કક્ષાએથી જણાવવા વિનંતી છે. જેથી સદરહુ દરખાસ્તનો યોગ્ય નિકાલ થઇ શકે. તેમજ આપના સંદર્ભ પત્ર-1થી અત્રે મોકલવામાં આવેલ દરખાસ્ત આ સહ સામેલ રાખી આપને પરત મોકલવામાં આવે છે. જેની આગળની ઘટિત કાર્યવાહી આપની કક્ષાએથી કરવા વિનંતી છે. તથા આ ઉપરાંતની બે દરખાસ્ત ડ્રાફટ કક્ષાએ(યુઝર એજન્સી કક્ષાએ) અત્રેના ઓનલાઇન પોર્ટલ પર પેન્ડીંગ બતાવે છે. જે પણ આપના ડીવીઝનને લગત છે. જે અત્રેના સંદર્ભ પત્ર-4 થી 7 દ્વારા પણ આપને જણાવેલ છે. તે દરખાસ્તમાં પણ યુઝર એજન્સીને આપની કક્ષાએથી યોગ્ય માર્ગદર્શન પુરુ પાડવા વિનંતી છે. જેથી સદરહુ દરખાસ્તોનો પણ યોગ્ય નિકાલ થઇ શકે.

<u>સામેલઃ</u>- ઉપર મુજબ.

નાયબ વન સંરક્ષક
જુનાગઢ વન વિભાગ

<u>નકલ સાદર રવાનાઃ</u>- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, જમીન, ગુ.રા. ગાંધીનગર તરફ આપના સંદર્ભ પત્ર-ર અન્વયે વિદીત થવા વિનંતી સહ.

<u>નકલ સાદર રવાનાઃ</u>- મુખ્ય વન સંરક્ષકશ્રી, જુનાગઢ વન વર્તુળ, જુનાગઢ તરફ આપના સંદર્ભ પત્ર-૩ અન્વયે વિદીત થવા વિનંતી સહ.



D:\Users\Dell\Desktop\Desktop Documents\LETTER FORMAT 2020-21.docx